# APPENDIX H

## GUJARATI-LANGUAGE READING COMPREHENSION ABILITY TEST

## ગુજરાતી અર્થગ્રહણશક્તિ માપન

અહીં કેટલાંક ફકરાઓ આપેલા છે, તેને ધ્યાનથી વાંચો અને દરેક ફકરાની નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

૧

વાચન એ આપણા આંતરિક જીવનનો માપદંડ છે. માણસનું જેવું વાચન એવું જીવન, એમ આપણે કહી શકીએ. અહીં વાચનનો અર્થ આપણે પુસ્તક પૂરતો જ મર્યાદિત ન રાખતાં સામાયિક અને વર્તમાનપત્ર સમાવવા જેટલો વિસ્તૃત રાખીશું. ગાડીમાં કે અન્ય સ્થળે કોઇ વ્યક્તિના હાથમાં જે સામાયિક કે પુસ્તક હોય એ ઉપરથી આપણે એનો શોખ, એની બુદ્ધિનું ઉંડાણ, સંસ્કારિતા વગેરે વિશે ઘણું જાણી શકીએ.

ઉત્તમ પુસ્તકો આપણા શ્રેષ્ઠ મિત્રો છે. માનવમિત્રોથી તો આપણે ગમે તે પળે અળગા થઇ જઇશુ, પરંતુ પુસ્તકમિત્રો તો જીવનની પ્રત્યેક લીલીસૂકી વખતે આપણી સાથે જ રહેશે. મૃત્યુ જેવા દુઃખદ પ્રસંગને પણ પુસ્તક હળવો બનાવે છે. મહાન પુસ્તકો જીવન જીવવાની ઉમદા દ્રષ્ટિ આપે છે. ઉત્તમ નવલકથાઓ, નાટકો, નવલિકાઓ, કાવ્યો, જીવનચરિત્રો વગેરે આપણી જીવનદ્રષ્ટિને વિશદ, ઉંડી અને વિશાળ બનાવે છે. લાગણીને કિનારે મનુષ્યમાત્ર સમાન છે એ હકીકત જગતની ઉત્તમ સાહિત્યકૃતિઓના વાચનથી આપણા હૃદયમાં કોતરાઇ જાય છે. ધર્મ અને તત્વજ્ઞાનનાં પુસ્તકો આપણને ચિંતનશીલ બનાવે છે અને આપણા જીવનને ઉદાત્ત બનાવે છે.

કેટલાંક પુસ્તકો માત્ર સમય પસાર કરવા માટે, કેટલાંક અભ્યાસ કરવા યોગ્ય અને કેટલાંક મનન કરવા જેવાં હોય છે. આમાંથી આપણે ચિરંજીવ અને અભ્યાસયોગ્ય તેમજ મનનીય પુસ્તકો જ વાંચવા જોઇએ. આવાં પુસ્તકો માનવીના મિત્ર, માર્ગદર્શક અને તત્વચિંતકની ગરજ સારે છે.

અન્ન આપણા લોહીમાંસને પોષે છે, તેમ સદવાંચન આપણા સંસ્કારને પોષે છે અને આત્માને અજવાળે છે. કુવાચન માનવીને અવનતિની ખાઇનાં ફેંકી શકે છે, જ્યારે સદવાચન તેને ઉચ્ચતાના શિખરે લઇ જાય છે. જીવનને સમૃદ્ધ બનાવવા માટે અને પ્રગતિ સાધવા માટે ઉમદા, વિચારપ્રેરક અને ગંભીર પુસ્તકોનું બહોળું વાચન કરવું જોઇએ. માટે કહી શકાય કે, " જેવું વાચન તેવું જીવન " .

નીચે કેટલાંક વિધાન કે પ્રશ્નો પુછવામાં આવ્યા છે. દરેકને માટે ચાર શક્ય જવાબો આપવામાં આવ્યા છે. તેમાંથી જે એક જવાબ સાચો હોય તેની આગળ ✓ નું નિશાન કરો.

૧. માણસના આંતરિક જીવનનો માપદંડ શેના પરથી જાણી શકાય ?

૧. વાણી પરથી
૨. વાચન પરથી
૩. લખાણ પરથી
૪. વર્તન પરથી

૨. પુસ્તકોને સૌથી શ્રેષ્ઠ મિત્ર ગણવામાં આવ્યા છે, કારણ

૧. તે દરેક પ્રસંગને સહ્ય બનાવવાની ઉત્તમ દ્રષ્ટિ આપી શકે છે.
૨. સમય પસાર કરવામાં મદદરુપ થાય છે.
૩. પુસ્તક માટે વ્યક્તિએ કોઇ ભોગ આપવો પડતો નથી.
૪. તે હમેશાં સાથે રાખી શકાય છે.

૩. કેવા પ્રકારના પુસ્તકો વાંચવાની હિમાયત કરવામાં આવી છે ?

૧. હળવા પ્રકારના
૨. સમય પસાર કરવા માટેના
૩. મનોરંજન મળી શકે તેવા
૪. વિચાર પ્રેરક અભ્યાસ યોગ્ય

૪. સદ્વાચન એટલે

૧. જીવનને સમૃદ્ધ બનાવે તેવું વાચન
૨. સારુ વાચન
૩. સારી રીતે વાંચવાની આવડત
૪. વધુ સમય વાંચવામાં ગાળવો.

૫. સાહિત્યકૃતિઓ કઇ બાબતની મનુષ્યમાત્રની સમાનતાની ભાવના ઉત્પન્ન કરી શકે છે. ?

૧. જ્ઞાનની

૨. વાચનશકિતની

૩. લાગણીની

૪. તત્વજ્ઞાનની

૬. " જેવું વાચન તેવું જીવન " તેને સમાનાર્થી નીચેનામાંથી કઇ કહેવત છે ?

૧. આહાર તેવો ઓડકાર

૨. કરે તેવું પામે

૩. સંપ ત્યાં જંપ

૪. વિદ્યા વિનયથી શોભે.

દરેક સમાજને પોતાના રિવાજો, રૂઢિઓ અને પ્રણાલિકાઓ હોય છે. સારા રિવાજો સમાજને જીવંત રાખનાર પૌષ્ટિક ખોરાક સમાન છે. આ રિવાજોમાં વિકૃતિઓ આવે છે ત્યારે સમાજમાં વિષમતા ઉભી થાય છે. સમાજની સભ્યતા અને સંસ્કૃતિ ઉપર આની ખૂબ માઠી અસર થાય છે.

રિવાજ વ્યક્તિ અને સમાજના ભલા માટે જ હોવા જોઇએ. " રિવાજના કૂવામાં તરવું સારું પણ ડૂબવું એ આત્મહત્યા છે " એ સત્ય જ્ઞાતિઓએ, સમાજે અને સરકારે સમજવું જ રહયું. આપણે સૌએ કુરિવાજોને નાબૂદ કરવા કમર કરવી જોઇએ. દરેક શિક્ષિત વ્યક્તિ જરૂર વિચારે કે આપણા સમાજના કલેવર પર કારી ઘા કરનારાં તત્વોનો જડમૂળથી નાશ કરવો એ આપણી પવિત્ર સામાજિક ફરજ છે. આ વિચારને અમલી બનાવવા યુવકોએ પ્રયત્નો શરુ કરી દેવા જોઇએ. કારણ કે સમાજનું નવસર્જન યુવકો જ કરી શકશે. આ દિશામાં પ્રેમ અને સમજાવટથી જેટલું પરિવર્તન થાય તે જ નકકર બની શકે. જો આપણે લોકોને આ અનિષ્ટોની ચુંગાલમાંથી સમજાવટ દ્વારા મુક્ત કરાવી શકીએ તો સમાજની મોટામાં મોટી સેવા કરી ગણાય. શાળા, મહાશાળાઓના વિદ્યાર્થીઓને સામાજિક કુરિવાજો સામે ઝઝૂમવાની પ્રેરણા મળે એવા અભ્યાસક્રમોનું આયોજન કરવું જોઇએ. રેડિયો, ટી.વી., ચલચિત્રો, નાટકો અને સાહિત્યકૃતિઓ જેવા માદયમો પણ કુરિવાજોની અનિષ્ટ અસર તરફ લોકોનું દયાન દોરીને તેમની સામે લોકજાગૃતિની જુવાળ ઉભો કરી શકે.

નીચે કેટલાંક વિધાન કે પ્રશ્નો પુછવામાં આવ્યા છે દરેકને માટે ચાર શકય જવાબો આપવામાં આવ્યા છે. તેમાંથી જે એક જવાબ સાચો હોય તેની આગળ ✓ નું નિશાન કરો.

૧. લેખક શેની નાબૂદી કરવાનું કહે છે ?

 ૧. જ્ઞાતિની
 ૨. રિવાજોની
 ૩. કુરિવાજોની
 ૪. સમાજની

૨. લેખકની દ્રષ્ટિએ રિવાજ એટલે,

 ૧. સામાજિક શિસ્ત
 ૨. સમાજ અને વ્યકિતના વિકાસ માટેની વ્યવસ્થા
 ૩. પેઢી દર પેઢીથી ચાલતી આવતી કેટલીક સારી ખોટી પ્રથાઓ
 ૪. સમાજમાં વ્યકિતએ પાળવાના ફરજિયાત નિયમો.

૩. લેખક કુરિવાજોની નાબૂદી કરવા કોને તૈયાર થવા કહે છે ?

 ૧. યુવકોને
 ૨. સમાજસેવકોને
 ૩. રાષ્ટ્રનેતાઓને
 ૪. શિક્ષકોને

૪. કુરિવાજો નાબૂદ કરવાની અસરકારક પદ્ધતિ કઇ ?

 ૧. રિવાજ પાળવાની મનાઇ કરીને
 ૨. લોકોને અનિષ્ટ તત્ત્વોની સમજણ આપીને
 ૩. ક્રાંતિ કરીને
 ૪. રિવાજ પાળનારને શિક્ષા કરીને

૫. કુરિવાજો સામે ઝઝૂમવાની પ્રેરણા શેમાંથી મળી શકે ?

૧. મહાપુરુષોના કાર્યથી
૨. અનુભવેલા કુરિવાજોના પરિણામ પરથી
૩. વ્યક્તિઓને થતા અન્યાય પરથી
૪. તે પ્રમાણેની તાલિમ આપતા અભ્યાસક્રમોમાંથી.

૬. " રિવાજના કૂવામાં તરવું સારું પણ ડૂબવું એ આત્મહત્યા છે " . એટલે.

૧. વ્યક્તિ કે સમાજે પોતાનું ભલું થાય તે પ્રમાણે રિવાજોનું પાલન કરવું પરંતુ તેને વળગી ન રહેવું.
૨. રિવાજ ન પળાય તો આત્મહત્યા કરવી.
૩. રિવાજ પાળવાથી સુખી થઇ શકાય.
૪. બીજાઓને રિવાજ પળાવવાનો હઠાગ્રહ રાખવો.

૭. ફકરાને યોગ્ય શીર્ષક આપો.

૧. આપણા રિવાજો
૨. રિવાજોનું મહત્વ
૩. રિવાજથી સમાજની ઉન્નતિ
૪. કુરિવાજોની નાબૂદી.

આજની પરીક્ષા પદ્ધતિ વિદ્યાર્થીઓના શરીર અને મન પર ન વિતાડવાનું વિતાડે છે. પરીક્ષા પહેલાં દિવસો કે મહિનાઓથી વિદ્યાર્થીઓની ઉંઘ હરામ થઇ જાય છે. એક સાંધતા તેર તૂટે તેમ, ઘણા વિદ્યાર્થીઓ તો એક વિષયનું ગોખતાં બીજા વિષયનું ગોખેલું ભૂલી જાય છે ! પરીક્ષા તદ્દન નજીક આવે ત્યારે વિદ્યાર્થીઓ " મહત્વના પ્રશ્નો " માટે ફાંફા મારે છે. ન ધારેલા સવાલો પ્રશ્નોપત્રોમાં પુછાયેલા જોઇને ઘણા વિદ્યાર્થીઓ ગભરાઇ જાય છે. પરીક્ષા પત્યા પછીયે પરિણામ ન આવે ત્યાં સુધી વિદ્યાર્થીનો જીવ ઉંચો રહે છે.

પરીક્ષાના સતત ઝઝૂમતા ભયને કારણે વિદ્યાર્થી વિદ્યા-અર્થી ન રહેતાં માત્ર પરીક્ષાર્થી બની જાય છે. પરીક્ષાઓ ન હોય અને તેમને સ્થાને વિદ્યાર્થીઓનાં જ્ઞાન અને વ્યક્તિત્વના વિકાસને મૂલવવાની કોઇ વધુ યોગ્ય વ્યવસ્થા હોય, તો કદાચ વિદ્યાર્થીઓ સાચા અર્થમાં વિદ્યા-અર્થી બને. એટલું જ નહિ, પરીક્ષાનો હાઉ દૂર થતાં, તેમના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસની તકો પણ વધુ ઉજળી બને.

વિદ્યાર્થીઓના જ્ઞાનને મૂલવવા માટે હાલની પરીક્ષાપદ્ધતિના પર્યાયરુપ કોઇ વધુ સારી વ્યવસ્થા યોજાય એમ આપણે ઇચ્છીએ.

નીચે કેટલાંક વિધાન કે પ્રશ્નો પુછવામાં આવ્યા છે. દરેકને માટે ચાર શકય જવાબો આપવામાં આવ્યા છે. તેમાંથી જે એક જવાબ સાચો હોય તેની આગળ ✓ નું નિશાન કરો.

૧. આ ફકરામાં મુખ્ય શેની ચર્ચા કરવામાં આવી છે?

૧. વિદ્યાર્થીઓની હાડમારીની
૨. પરીક્ષાની અનિવાર્યતાની
૩. હાલની પરીક્ષાપદ્ધતિના દોષોની
૪. વિદ્યાર્થીઓના પરીક્ષા પ્રતીના વલણની

૨. હાલની પરીક્ષા પદ્ધતિ

૧. ગોખણપટ્ટીની પરીક્ષા લે છે.
૨. જ્ઞાનની પરીક્ષા લે છે.
૩. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પરીક્ષા લે છે.
૪. સાચા વિદ્યાર્થીની પરીક્ષા લે છે.

૩. વિદ્યા-અર્થી એટલે

૧. વિદ્યામાંથી કમાણી કરનાર
૨. વિદ્યાનો ઉપાસક
૩. પરીક્ષા માટે તૈયારી કરનાર
૪. વિદ્યા આપવાની વ્યવસ્થા કરનાર.

૪. વિદ્યાર્થી સાચા અર્થમાં વિદ્યા-અર્થી બની શકે તે માટે

૧. તેને વધુ સમય શાળા કે કૉલેજમાં રાખવાની વ્યવસ્થા કરવી જોઇએ.

૨. તેને પરીક્ષા માટે બરાબર તૈયારી કરાવવી જોઇએ.

૩. તેને વધુ સમય વાંચવા કહેવું જોઇએ.

૪. તેના સર્વાંગી વિકાસને મૂલવવા માટેની યોગ્ય પદ્ધતિ હોવી જોઇએ.

૫. વિદ્યાર્થીઓના જ્ઞાનને યોગ્ય રીતે મૂલવવા માટે

૧. ચાલુ પરીક્ષા પદ્ધતિ યોગ્ય છે.

૨. ચાલુ પરીક્ષા પદ્ધતિ તદ્દન ગૂંચવણ ભરેલી છે.

૩. મૂલ્યાંકન કરી શકાય તેવી બીજી અસરકારક પદ્ધતિઓ યોજવી જોઇએ.

૪. ગમે ત્યારે પરીક્ષા લેવી જોઇએ.

- ૪ -

આજથી પાંચેક વર્ષ પહેલાં, એક રમણીય ગિરિનગરમાં વસતા એક મહાન વિદ્વાનને હાથે મારા અક્ષરદેહનું ઘડતર થયું હતું. તેણે પોતાના વર્ષોના જ્ઞાન અને અનુભવ નિચોવીને તૈયાર કરેલી હસ્તપ્રત એ મારુ જન્મ પૂર્વેનું રુપ હતું. એ રુપે ટપાલ દ્વારા પ્રવાસ કરીને હું શહેરના એક વિશાળ છાપખાનાની ઓફિસમાં બિરાજેલા એક વૃદ્ધ પ્રકાશકના હાથમાં પહોંચી. મારા દેહમાં સમાયેલી અમૂલ્ય જ્ઞાન-સામગ્રીને જોઇને એ સુજ્ઞ પ્રકાશક આનંદથી નાચી ઉઠયા. બસ, બીજા જ દિવસથી, સારામાં સારા કાગળ પર અનેક યંત્રોએ એક સાથે મારુ મુદ્રણ શરુ કર્યું. મારા મુદ્રિત દેહને સોનેરી રંગના અત્યંત આકર્ષક મુખપૃષ્ઠથી સુસજ્જ કરવામાં આવ્યો. આહા, કેવું અનુપમ હતુ મારું એ રુપ. ખરેખર, મને સૌંદર્ય બક્ષાવામાં એ પ્રકાશકે કોઇ કમી રાખી ન હતી.

છાપખાનામાંથી એક પુસ્તકવિક્રેતા મને પોતાની દુકાને લઇ ગયો, ત્યારથી મારી સફર શરુ થઇ. એ દુકાનમાંથી એ જ દિવસે એક વૃદ્ધ વિદ્વાન મને ખરીદીને લઇ ગયા. તેઓ મને જીવની જેમ સાચવતા અને વારંવાર વાંચતા હતા. એ વિદ્વાનની મારા પ્રત્યેની મમતા જોઇને હું ગદગદ થઇ જતી.

પરંતુ એક દિવસ એ વિદ્વાન મને ટ્રેનમાં ભૂલી ગયા. મને નધણિયાતી જોઇને મજૂર જેવો લાગતો એક માણસ મને ટ્રેનમાંથી પોતાને ઘેર લઇ ગયો. તેના અબૂઝ બાળકોએ મને રમકડું માનીને મારી વલે કરી નાંખી. તેમણે મારા પાના પીંખી નાખ્યાં. મારી દેહ પર ઠેરઠેર ચા અને શાહીના ડાઘ થયા. મારું રુપસૌષ્ઠવ નષ્ટ થઇ ગયું.

મજૂર જેવા લાગતા એ માણસે કેટલાક દિવસ પછી મને એક પસ્તીવાળાને ત્યાં વેચી દીધી. મારી આવી અવદશામાંયે તમે મને પસ્તીમાંથી શોધીને ખરીદી લાવ્યા છો, એ માટેની કૃતજ્ઞભાવ હું શબ્દોમાં વ્યકત કરી શકતી નથી. તમારા જેવા સુજ્ઞ મિત્ર વહેલા મળ્યા હોત તો મને આ દિવસો જોવા ન પડત.

નીચે કેટલાંક વિધાન કે પ્રશ્નો પુછવામાં આવ્યા છે. દરેકને માટે ચાર શક્ય જવાબો આપવામાં આવ્યા છે. તેમાંથી જે એક જવાબ સાચો હોય તેની આગળ ✓ નું નિશાન કરો.

૧. ચોપડી શેનાથી સુંદર લાગતી હતી ?
   ૧. મુદ્રણથી
   ૨. લખાણથી
   ૩. મુખપૃષ્ઠથી
   ૪. પાનાથી

૨. ચોપડીનું લખાણ ઉચ્ચ કક્ષાનું હતું એમ કહી શકાય કારણ,
   ૧. એક વિદ્વાને લખી હતી
   ૨. શહેરના વિશાળ છાપખાનામાં છાપવામાં આવી હતી.
   ૩. પ્રકાશક ચોપડીની અમૂલ્ય જ્ઞાન-સામગ્રીથી ખૂબ આનંદિત થયા હતા.
   ૪. ચોપડીનો દેખાવ ખૂબ સુંદર હતો.

૩. ચોપડી વાંચવાનો આનંદ સૌથી વધુ કોને માણ્યો ગણાય ?
   ૧. પ્રકાશકે
   ૨. ચોપડી ખરીદી વાંચનાર વિદ્વાને
   ૩. મજુરના છોકરાએ
   ૪. ચોપડી લખનાર વિદ્વાને

૪. ચોપડી છેવટની હાલતમાં કોની પાસે હતી ?
   ૧. મજૂર પાસે
   ૨. ચોપડી લખનાર વિદ્વાન પાસે
   ૩. પ્રકાશક પાસે
   ૪. ચોપડીમાં રસ ધરાવનાર એક સદ્‌ગૃહસ્થ પાસે

૫. ચોપડી લખાઇ તે માટે કયો શબ્દ વપરાયો છે ?

૧. હસ્તપ્રત
૨. મુદ્રણ
૩. અક્ષારદેહ
૪. સુસજ્જ

૬. ચોપડી તૈયાર થતા પહેલા કયા સ્વરુપે હતી ?

૧. અનુભવ સ્વરુપે
૨. હસ્તપ્રત સ્વરુપે
૩. કાગળ સ્વરુપે
૪. ડાયરી સ્વરુપે

૭. છેલ્લે ખરીદનાર સદ્‌ગૃહસ્થ તરફ ચોપડી કૃતજ્ઞભાવ વ્યકત કરે છે કારણ

૧. તેઓને ચોપડી ખૂબ ગમતી હતી
૨. તેઓ ચોપડીને ખૂબ સાચવતા હતા
૩. તેની અવદશામાંથે તેને પસંદ કરી તેઓ ખરીદી લાવ્યા હતા.
૪. હવે વધુ દુર્દશામાંથી તે ઉગારી શકશે.

૮. આ ફકરાને યોગ્ય શીર્ષક આપો.

૧. ફાટેલી ચોપડીની આત્મકથા
૨. ચોપડીની દુર્દશા
૩. ચોપડીનો સાચો મિત્ર
૪. ચોપડીની વ્યથા